જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૫/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૯૬૪/૧૭**

## અમદાવાદ શહેરમાં પ્લમ્બર ના કામ ના ઓથા હેઠળ બંધ મકાનની રેકી કરી ઘરફોડ ચોરીને અંજામ આપતો રિઢો ઘરફોડ ચોર ઘરફોડ ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ઘરફોડ ચોરીના પંદરેક ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ ખાસ કરી દિવાળી અને ઉનાળુ વેકેશનમાં ઘરફોડ ચોરીઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોર્ડ- ૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા શ્રી કે.ડી.જાડેજા તથા તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે તા.૦૬/૦૫/૨૦૧૭ ના રોજ શાહીબાગ ઘેવર કોમ્પ્લેક્ષ સર્કલ પાસેથી કિશન ધર્મરાજ મોર્ય ઉ.વ.૨૪ રહે- બ્લોક નં. ૧૦૧/૧૭૭૩ ગુ.હા.બોર્ડ, પોલીસ ચોકી સામે, કુષ્ણનગર, નરોડા, અમદાવાદનાઓને સોના-ચાંદીના દાગીનામાં સોનાની વીંટી – ૪, સોનાની કાનની બુટ્ટી– જોડ- ૨ તથા ચાંદીની ઝાંઝર અને સડા સાથે – જોડ- ૫ તથા સોનાનો દોરો- ૧ તથા સોનાની લકી– ૨ તથા સોનાની ચુની – ૨ ચાંદીનો કડો – ૧ જે મળી કુલ- કિ.રૂ. ૫૮,૧૫૦/- ના દાગીનાના મુદામાલ અને ચોરી કરવા જવા સારૂ ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ અને "સ્ક્રુ ડ્રાયવર" સાથે કુલ રૂ.૮૮,૨૦૦/- ના મુદ્દામાલ રિકવર કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. અને વધુ તપાસ પો.સ.ઇ. શ્રી કે.ડી. જાડેજા નાઓ કરી રહેલ છે.

### - આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ –

આ આરોપી પ્લમ્બરનું કામ જાણે છે. અને પ્લમ્બરના કામની સાથે બંધ મકાન ની રેકી કરી ચોરીને અંજામ આપેલ છે. આરોપી સને ૨૦૧૫ ની સાલમાં ચોરી કરવાનું ચાલુ કરેલ અને પોતાની આવડતના ઓથા હેઠળ ફ્લેટમાં પ્લમ્બરનું કામ રાખી દિવાળી ઉનાળા ના વેકેશનમાં બહાર ગયેલ પરીવારના બંધ ઘરને ટાંગેટ બનાવી તે મકાનના લોક પોતાની પાસે ના રોજીના (પ્લમ્બર) સાધનો વડે તોડી ઘરફોડ ચોરીને અંજામ આપતો હતો જે કુલ- ૧૨ ઘરફોડ ચોરીઓના ગુન્હામાં પકડાયેલ હતો.

ત્યારબાદ જામીન પર છુટ્યા પછી ફરીથી દિવાળી વેકેશન ઘરફોડ ચોરીઓને અંજામ આપતા સને ૨૦૧૬ ની સાલમાં ડિસેમ્બર માસમાં નિકોલ પોલીસ સ્ટેશન ખાતે પકડાય જ્યા કુલ - પાંચ ઘરફોડ ચોરીઓના ગુન્હાના ભેદ ઉકેલાયેલ હતા.

તાજેતરમાં આરોપીએ અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાં - ૬, રામોલ વિસ્તારમાં – ૨, સાબરમતી વિસ્તારમાં - ૧, સોલા વિસ્તારમાં – ૧, નરોડા વિસ્તારમાં – ૨, દહેગામ ખાતે – ૨ ઘરફોડ ચોરીને અંજામ આપેલાની કબુલાત કરે છે. જે પૈકી વટવા પોલીસ સ્ટેશન – ૨ , રામોલ પોલીસ સ્ટેશન – ૨ નરોડા પોલીસ સ્ટેસન- ૨ ગુન્હનો મુદામાલ સાથે પકડી પાડેલ છે. આરોપીને સને ૨૦૧૫ તથા સને ૨૦૧૬ માં પાસા અટકાયતી થયેલ છે.

:



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)



નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)